

મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫

# આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

## આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ સપ્તમી સવારે ૭:૨૯ સુધી, ત્યાર બાદ અષ્ટમી |
| વાર | રવિ |
| નક્ષત્ર | પુષ્ય સવારે ૮:૪૬ સુધી ત્યાર બાદ આશ્લેષા |
| કરણ | બવ સવારે ૭:૨૯ સુધી, ત્યાર પછી બાલવ સાંજે ૭:૧૫ સુધી, પછી કૌલવ |
| યોગ | શુક્લ ૯ નવેમ્બર સવારે ૩:૪૩ સુધી |
| આજની રાશિ | કર્ક |
| રાશિના અક્ષરો | ડ. હ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**
આજે ઘરકામ, ઘરની સફાઈ કે પરિવારને લાગતાં કામોમાં સમય પસાર થવાની સંભાવના રહેશે. આપને કામ નહિ આવી પડે એવું નથી લાગતું પણ આપ એવા કામોમાં વધુ વ્યસ્ત રહેશો જે પરિવારજનો, માતાપિતા કે ઘર ને સંલગ્ન હોય. આજે આપ ઈચ્છો તો પણ ઝાઝો આરામ નહીં કરી શકો.

**વૃષભ (બ. વ. ઉ.)**
આજનો દિવસ પડોશીઓ સાથે સંપર્ક કરવાનો છે. આપ તેમની સાથે સારી વાતચીત કરો કે સારો સમય પસાર કરો તેવું બને. જે કઝીન્સ સાથે ઘણાં વખતથી વાત ન કરી હોય તેમની સાથે પણ સંપર્ક થાય એવું બને. આજે વ્યવહાર અને લાગણીની વચ્ચે બેલેન્સ રાખવું પડશે.

**મિથુન (ક. છ. ઘ)**
કુટુંબ આપના જીવનનું આજે કેન્દ્રબિંદુ રહેશે. પારિવારિક સમસ્યાઓ પર ચર્ચા કરવા માટે સારો સમય કે દિવસ છે. આજે એ મુદ્દાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત થાય કે ખર્ચ કેમ બચાવી શકાય જેથી આવક સરખી છે તેમ લાગે. કરકસર કરવા અંગે ગંભીરતાથી વિચારજો.

**કર્ક (ડ. હ.)**
આજના દિવસે આપ ઉત્સાહિત અને લાગણીસભર રહેશો. આપને એમ લાગશે કે બીજા લોકો શા માટે આપની લાગણી સમજી નથી શકતાં? એનો સીધો જવાબ એ છે કે કદાચ એમની અને આપની રાશી એક નથી. આજે જે કંઈ પણ કરશો તે દિલથી કરશો અને એમ કરવાથી જ આપને સંતોષ મળશે.

**સિંહ (મ. ટ.)**
આજે આરામ કરો, કામ ઓછું કરો અથવા ન કરો. આજના દિવસે આપનો પ્રયાસ એવો રહેશે કે બીજા લોકો આપના બધા કામો કરી આપે અથવા એટલીસ્ટ કામો સરળ કરી આપે. સામાન્યતઃ આપ ભૌતિકવાદી હોવ છો પણ આજે આધ્યાત્મમાં રુચિ લેશો. એમ કરશો તો નવા ડાયમેન્શન જોવા મળશે. નવું જ્ઞાન મળશે.

**કન્યા (પ. ઠ. ણ)**
મિત્રો યાદ આવશે. જે મિત્રો નિયમિત કોન્ટેક્ટમાં છે, તે ઉપરાંત પણ બીજાં જુના અથવા એવા મિત્રો યાદ આવશે કે જે કાળની ગર્તામાં ખોવાઈ ગયાં છે. આજના દિવસે આપને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ થવાનો છે. ધ્યાન રાખજો કે આપની ઈમ્પ્રેશન ગણતરીબાજ વ્યક્તિ તરીકે ન પડે.

**તુલા (ર. ત.)**
જો કામ કરશો તો સરાહના મળશે અને કામ નહીં કરો તો પણ આપને મહત્વ આપનારા લોકો તો આપની તરફ આકર્ષાયેલા જ રહેશે. આજના દિવસે આપનો પ્રયાસ એવો રહેશે કે આપ બીજા લોકોને મદદરૂપ થઈ અને પોતાની લાગણીઓ સંતુલિત કરો. ભૂતકાળની ભૂલો આજે સુધારી શકાશે.

**વૃશ્ચિક (ન. ય.)**
આજે આપનો સારો દિવસ કહી શકાય. ગ્રહો તરફેણમાં છે. કોઈ એવું કામ કે જે ઘણા દિવસથી ન થતું હોય. તે આજે શરુ કરવું, એમાં ચોક્કસ સારાં પરિણામો મળશે. આજે આપને એવું પણ લાગશે કે લાગણીની ધાર સતેજ થઈ છે. જો એ લાગણી હકારાત્મક હોય તો સારું. આજના દિવસે આપને મહેનત અને ભાગ્યનો તફાવત સમજાશે.

**ધન (ભ. ફ. ધ. ઢ)**
આજે થાક ભેગો થશે. અત્યંત આળસ કરવાનું મન થાય એવું બની શકે. આપના છેલ્લા થોડા દિવસો જે રીતે પસાર થયેલા તેની સામે આપને અચાનક એક બ્રેક મારવાની જરૂર લાગશે. એમ સમજાઈ જશે કે શરીર કે મગજનો બેફામ ઉપયોગ થાક અને પીડા જ નોતરે છે. આજે પરમ તત્ત્વ વિષે ઊંડું ચિંતન કરશો. ભૌતિકવાદ આપને છીછરો લાગશે.

**મકર (ખ. જ.)**
આજે મહત્વના કામોનું લિસ્ટ બનાવશો પણ એ કામો પાર પાડવા માટે કે શરુ કરવા માટે આપને આજે મન નહીં થાય. આજે સોશીયલાઈઝ કરવાનું મન થાય. લોકોને મળવાની ઈચ્છા થાય. એવું લાગે, કે ઘરમાં ભરાઈ રહેવાથી ડિપ્રેશન આવે છે. થોડું આઉટીંગ કરશો, તો સારું લાગશે. પૈસા ખર્ચાશે પણ બજેટ બહાર નહીં, એટલે ચિંતા નથી.

**કુંભ (ગ. શ. સ.)**
આજનું રૂટિન થોડું જુદું બનાવજો. આજે આરામ અને કામ એવી રીતે બેલેન્સ કરશો કે આપનો થાક ઉતરે. આજે ધ્યાન એક વાતનું રાખજો કે ખાવાપીવામાં એવું કશુંક ન આવી જાય, જે તબિયતને નુકસાન કરે. ઠંડા પીણાં તો બિલકુલ દૂર રાખજો. આજે આપને તબિયત અંગે તકેદારીની જરૂર છે જ.

**મીન (દ. ચ. ઝ. થ)**
આજે આપ જ્ઞાનપિપાસુ બનશો. નવું શીખવા પ્રયાસ કરશો. નવી વસ્તુઓ અજમાવશો. આજે મિત્રો સાથે કે પરિવારજનો સાથે લેઝર ટાઈમ – મોજ મસ્તી કરવાની ઈચ્છા થશે. આજના દિવસે રચનાત્મક કાર્યો પણ સરસ રીતે થઈ શકે – એ ચાહે ઘરનું ડેકોરેશન હોય કે આપનું કોઈ ક્રિએટિવ કામ. આજનો દિવસ સંપર્કોનો સદુપયોગ કરવાનો દિવસ છે.

# સુરત, વડોદરા, ખેડા, ભરૂચમાં ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

## ગુજરાત ફરી ભૂકંપથી ધણધણ્યુ,૪.૩ની તીવ્રતાના આંચકા : ભૂકંપનું કેન્દ્રબિન્દુ ભરૂચના નેત્રંગ તાલુકાના મોટા માલપોર ગામ ખાતે નોંધાયું, હાઈરાઈઝ બિલ્ડીંગમાં રહેતા લોકો ડરના માર્યા નીચે દોડીને આવી ગયા

ગાંધીનગર,તા.૭

આજે બપોરે રાજ્યના કેટલાક શહેરોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે, જેમા સુરત, વડોદરા, ખેડા અને ભરૂચમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. સુરત અને ભરૂતની ધરા ધ્રુજી ઉઠતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. સુરત અને ભરૂચમા ભૂકંપની તિવ્રતા ૪.૩ની નોંધાઈ છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભરૂચથી ૩૬ કિ.મી.દૂર માનવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી પ્રમાણે આજે બપોરે ૩.૪૦ વાગ્યે ભરૂચ અને સુરતમાં ધરતીકંપના આંચકા અનુંભવાયા હતાં. ભૂકંપના આ આંચકાથી લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. લોકો પોતાના જીવ બચાવવા ઘરમાંથી બહાર દોડી આવ્યા હતાં. ભૂકંપનું કેન્દ્ર બિંદુ નેત્રંગનું મોટાપાલ ગામ હોવાનું જાણવા મળી રહ્યું છે.

સદનસીબે ભૂકંપમાં કોઈ જ પ્રકારની જાનહાની થઈ નથી. તેવી જ રીતે કોઈ માલહાની થયાના અહેવાલ પણ હજી સુધી નોંધાયા નથી. આ આંચકા ૪.૩ની તિવ્રતાના હોવાનું નોંધાયુ હતું. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભરૂચથી ૩૬ કિ.મી.દૂર આસપાસના વિસ્તારોમાં ભૂકંપની સૌથી વધારે અસર જોવા મળી હતી.

બીજી તરફ આણંદમાં પણ ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. આણંદ શહેરના કેટલાક વિસ્તારોમાં ભૂકંપ અનુભવાયા હતા. શહેરના રાજશિવાલય વિસ્તારમાં આંચકાઓ અનુભવાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં પણ ભૂકંપ અનુભવાયો હોવાની વાતો વહેતી થઈ છે. જીલ્લા કલેક્ટર દ્વારા ૮ તાલુકાઓ પાસેથી આ અંગેના અહેવાલો મંગાવવામાં આવ્યા હતા.



ઊંચી ઈમારતોમાં રહેતા લોકોને ભૂકંપની અસર વધારે વર્તાઈ હતી. લગભગ સાતમા-આઠમા માળે રહેતા લોકોને ચારેક સેકન્ડ કરતાં વધુ ભૂકંપના આંચકાનો અનુભવ કરવો પડ્યો હતો, જેથી લોકોમાં ડર ફેલાઈ જતાં ઊંચી ઈમારતોમાં રહેતા લોકો નીચે દોડી આવ્યા હતા. જોકે ભૂકંપના આંચકો સામાન્ય હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ ભૂકંપ એટલો તીવ્ર હતો કે તેની અસર વડોદરા અને ખેડામાં પણ જોવા મળી હતી. સાથે જ નર્મદામાં પણ આ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૧માં આવેલા શક્તિશાળી ભૂકંપે કચ્છમાં ભારે વિનાશ વેર્યો હતો. અનેક લોકોના જીવ ગયા હતાં. ત્યાર બાદ ભૂકંપના નાના મોટા આંચકા કચ્છમાં આવતા જ રહે છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૦૪૬ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૯૩૧ને ડિસ્ચાર્જ કરાયા : રાજ્યમાં અત્યાર સુધી કુલ ૬૪,૧૬,૯૬૩ ટેસ્ટ કરાયા ૧,૬૩,૭૭૭ લોકો સાજા થઈ જતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૦૪૬ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૯૩૧ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૩૭૭૭ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૧૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે.

આજે રાજ્યમાં કુલ ૫૧૭૬૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૯૬.૩૨ ટેસ્ટ પ્રતિ મિલિયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૪૧૬૯૬૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪૯૯૨૪૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪૯૯૧૬૩ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૮૩ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૧.૧૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૧૪૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ઉપર ૭૧ છે. જ્યારે ૧૨૦૭૫ લોકો સ્ટેબલ છે. ૧૬૩૭૭૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૫૬ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૫ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૨, બનાસકાંઠામાં ૧, સુરત કોર્પોરેશનમાં ૧, વડદોરામાં એક સહિત કુલ ૫ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

## ખૂણેખાંચરેથી

- આજે શહેરમાં ટ્રાફિક ઘણો ઓછો જોવા મળ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં દિપાવલી પર્વ પછી નવા વિકાસ કામો શરૂ કરવા માટે મનપાના તંત્ર દ્વારા આયોજનની કામગીરી હાથ ધરાઈ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ હજુ દિપાવલી પર્વ માટેનો માહોલ જામ્યો નથી.
- ૧૧મી નવેમ્બર સુધી જિલ્લામાં દિવસનું મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સે. રહેવાની અને લઘુત્તમ તાપમાન ૧૬-૧૯ ડિગ્રી સે. રહેવાની સંભાવનાઓ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવાયુ છે.
- આજે જિલ્લા પંચાયતમાં ૧૪મા નાણાંપંચના પ્રગતિ હેઠળના કામો તેમજ ૧૫ મા નાણાં પંચ અંતર્ગત હાથ ધરવાના વિકાસ કામોનું સુચારૂ આયોજન થાય તે માટે મદદનીશ ટી.ડી.ઓ. અને બાંધકામ તેમજ વિકાસ શાખાના અધિકારીઓની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સ્વચ્છતા અંગે કરાયેલી ટકોર બાદ આજથી ગાંધીનગર તાલુકાના તમામ ગામો સ્વચ્છતા અભિયાન તેમના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવ્યુ છે.



**સખી વન સ્ટોપ સેન્ટર, સ્વધાર ગૃહ, વર્કિંગ વુમેન હોસ્ટેલની મનિષા ચંદ્રાએ મુલાકાત લીધી**

ગુજરાત રાજય મહિલા અને બાળ વિભાગના સચિવ અને કમિશનર શ્રી મનિષા ચંદ્રાએ તા.૬ ઓકટોબર, ૨૦૨૦ ના રોજ ગાંધીનગર ખાતેના સખી વન સ્ટોપ સેન્ટર, સ્વધાર ગૃહ, મહિલા વ્યવસાય સુરક્ષા છાત્રાલય (વર્કિંગ વુમેન હોસ્ટેલ) અને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની મુલાકાત લીધી હતી. સચિવ શ્રી મનિષા ચંદ્રાએ તમામ સંસ્થાઓની કામગીરી તેમજ તેમના દ્વારા નિભાવવામાં આવતા રેકર્ડની વિગતવાર ચકાસણી કરી હતી. તેમજ મુલાકાત દરમ્યાન સખી વન સ્ટોપ નિભાવેલ રજીસ્ટરમાં સુધારા કરવાનું સૂચન કર્યું હતું. તેમજ સ્વધાર ગૃહમાં નાના બાળક સાથે આવતી માતાને આઈ.સી.ડી.એસ. વિભાગની યોજના સાથે સંકલન કરી તેનો લાભ આપવા જણાવ્યું હતું. તેની સાથે દિકરીઓ આગળ ભણવા ઈચ્છતી હોય તેને ઓપન યુનિવર્સીટી સાથે સંકલન સાધવા પણ જણાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન દવે ઉપસ્થિત રહ્યા હતા.

## અર્બન બેંકના પૂર્વ મેનેજિંગ ડીરેક્ટર પુરુષોત્તમભાઈ પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર અર્બન બેંકના પૂર્વ મેનેજિંગ ડીરેક્ટર પુરુષોત્તમભાઈ પટેલનું આજે મોડી સાંજે દુઃખદ અવસાન થયું છે.

સ્વ. પુરુષોત્તમભાઈ પટેલનું અર્બન બેંકની સ્થાપનામાં મોટું યોગદાન રહ્યું છે. શહેરના વેપારી અગ્રણી તરીકે પણ પુરુષોત્તમભાઈએ સક્રિય સેવાઓ આપી છે. પુરુષોત્તમભાઈ પટેલ જિલ્લા ભાજપના અગ્રણી પંકજભાઈ પટેલના પિતાશ્રી થાય છે.



સદ્ગતની અંતિમ ક્રિયા તેમના વતનમાં કરવામાં આવશે.

## મોડાસામાંથી શ્રમીક યુવકનું બાઈક ચોરાયુ

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં બાઈક ચોરીની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે, વાહનચાલકો પાસેથી પોલીસ અરજી લઈ સંતોષ માનતી હોવાની છબી ઉભી થઈ હતી. જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી પોલીસ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા દોડાદોડી કરી રહી છે. મેઘરજ વાસણા આઈટીઆઈ પાસે શ્રમિક યુવકનું પાર્ક કરેલ બાઈક ચોરી થતા પોલીસે ગણતરીના કલાકોમાં ઝાલોદરના બાઈકચોર યુવકને બાઈક સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### નવા ૧૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ તાલુકાના ગ્રામ્યવિસ્તારમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જામળા ગામેથી ૬૦ વર્ષીય વેપારી અને સોજા ગામેથી ૫૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લા આરોગ્ય તંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૬૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં ૧૩૦ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૯૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૩,૬૫૫ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### રો-પેક્સ ફેરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈલેકટ્રોનીક ખામીની સાથે જેટી સુધી લાવવા માટે દરીયામાં પુરતુ પાણી નહીં હોવાના લીધે તેને પોર્ટ પર ખેંચીને લાવનાની સ્થિતી સર્જાઇ હતી, તેના કારણે સવારે ૧૧ કલાકને બદલે જહાજ જ સાંજે ૫.૨૫ કલાકે હજીરા પોર્ટ પર આવ્યુ હતું. હજીરા રોડ પર આવેલા અદાણી પોર્ટ દેખાતું જહાજ મોડુ આવવાને કારણે ટ્રાયલ રન પણ શકય બન્યો નહોતો. આગામી ૮મી નવેમ્બરના રોજ હજીરાથી ઘોઘા વચ્ચે રોમેકસ ફેરી સર્વિસની શરૂવાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવનાર છે . તે પહેલા હજીરાથી ઘોઘા વચ્ચે ટ્રાયલ રન કરવામાં આવનાર હતો. આ માટે ઘોઘાથી સવારે જહાજ નીકળીને ૧૦ કલાકની આસપાસ સુરત આવવાનુ હતુ. ત્યાર બાદ સવારે ૧૧ કલાકે હજીરાથી ટ્રાયલ રન માટે જહાજને રવાના કરવામાં આવનાર હતુ, પરંતુ ઘોઘાથી જહાજ નીકળ્યા બાદ ખરાબ વાતાવરણની સાથે દરીયાઇ મોજાને લીધે મધદરીયે જ જહાજને અટકાવી દેવામાં આવ્યુ હતું. આ જહાજ હજીરા ખાતે સવારે ૧૦ કલાકે આવવાનું હતું,

### સફળ લોન્ચિંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સેટેલાઈટના રડાર પણ વાદળોની પાર પણ જોઈ શકશે. તે દિવસ અને રાત અને બધી ઋતુઓમાં ફોટા લેવામાં સમર્થ હશે. ભારત અર્થ ઓર્બિટ સેટેલાઈટનો સૌથી વધુ સંગ્રહ ધરાવે છે. રિમોટ ઓપરેટેડ આ ઉપગ્રહોથી કૃષી, વનીકરણ, જળ વ્યવસ્થાપન, માટીમાં ભેજ વગેરે બાબતોના ડેટા સરળતાથી ઉલબ્ધ થઈ રહે છે.

### ફટાકડા ફોડવા પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાલન કરવું પડશે અને જે લોકો તેનું પાલન નહીં કરે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ તબીબી નિષ્ણાંતો માને છે કે ફટાકડાના કારણે થતો ધુમાડો કોરોના સંક્રમિત થયેલા દર્દીઓ માટે જ નહીં પરંતુ કોરોનાથી સારા થયેલા લોકો માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. કારણ કે, કોરોના વાયરસ લોકોના ફેફસા પર સીધી અસર કરે છે અને કોરોના વાયરસના કારણે દર્દીને ફેફસા નબળા પડે છે. જેના કારણે ફટાકડાના ધુમાડાથી વ્યક્તિને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી થઈ શકે છે. જેના કારણે નિષ્ણાંતો દિવાળીમાં ફટાકડા ન ફોડવાની સલાહ આપી રહ્યા છે.

### ૨ હજારની નજીક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૧ માંથી પણ આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. સરકારી નોકરી કરતા ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૩ વર્ષીય નિવૃત્ત ફૌઝીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૭ માંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. આજે ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં રહેતા અમદાવાદ ખાતે વેપાર સાથે સંકળાયેલ ૩૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે અમદાવાદની કોવિડ રેસીડેન્સીમાં દાખલ કરાયા છે. સે. ૩ માંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. આજે એક જ દિવસમાં આટલા કેસ છેલ્લા પખવાડિયામાં બીજીવાર નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. સે. ૩ માંથી એક દંપત્તિ સહિત આ કેસો મળી આવ્યા છે. જુના સચિવાલયમાં ફાર્માસીસ્ટ તરીકે કામ કરતા ૬૭ વર્ષીય પુરૂષ અને ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી જ બીજા એક દંપત્તિનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. જે બન્ને દર્દીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવેલ છે. ૭૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૭૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૩ માંથી આજે મળેલા પાંચ કેસોને પગલે તંત્રએ સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક ફરજીયાત અને કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણને લઈ તંત્રને કડક તાકીદ કરી છે. સે. ૬ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૬ માંથી ૫૨ વર્ષીય ગૃહીણી અને ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૨૬ માં રહેતા અને અમદાવાદ ખાતે નોકરી કરતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩ માંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા ઘેરી બની છે. તંત્રએ કોરોના સામે લડવા માટે આગામી દિવસોમાં વધુ આક્રમક વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પરંતુ રિકવરી રેટ ૮૫ ટકાથી વધુ છે તેથી રાહત અનુભવી રહેલ છે. આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ શહેરમાં ૧૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

### નવા પ્રમુખ ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોદ્દો સંભાળશે તેઓ પ્રતિનિધિ તરીકે વાઈસ પ્રેસિડેન્ટનો હોદ્દો સંભાળશે. જો બાઈડને પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, તેઓ અમેરિકાના મતદારનો પૂર્ણ આદર સાથે આભાર માને છે. અને પોતાના હોદ્દાને વફાદાર રહી વિશ્વના વિકાસ માટે પુરુષાર્થ કરશે.

### ૫૪ ટકા મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારના ૧૧ મંત્રી મેદાનમાં છે. જેમાં સુપૌલથી વિજેન્દ્ર પ્રસાદ યાદવ, મહેશ્વરી હજારી, વિનોદ નારાયણ ઝા, ખુર્શીદ અહમદ, પ્રમોદ કુમાર, લક્ષ્મેશ્વર રાય, બીમા ભારતી, કૃષ્ણ કુમાર ઋષિ, નરેન્દ્ર નારાયણ યાદવ, રમેશ ઋષિદેવ, સુરેશ શર્મા સામેલ છે. બિહારની ૭૮ બેઠક માટે આ વખતે ૧,૨૦૭ ઉમેદવાર મેદાનમાં છે. બિહારમાં અંતિમ તબક્કાનું મતદાન જે જિલ્લામાં આજે યોજાયું છે તેમાં પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, સીતામઢી, મધુબની, સુપૌલ, અરરિયા, કિશનગંજ, પૂર્ણિયા, કટિહાર, મધેપુરા, સહરસા, દરભંગા, મુઝફ્ફરપુર, વૈશાલી અને સમસ્તીપુર સામેલ છે. અંતિમ તબક્કાના મતદાનમાં મોટાભાગની બેઠક પૂર્વાંચલ અંતર્ગત આવે છે. બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી એચ.આર. શ્રીનિવાસના જણાવ્યા પ્રમાણે વાલ્મીકિ નગર, રામનગર, સિમરી, બક્તિયારપુર અને મહિષી એટલે કે કુલ ચાર નક્સીલ પ્રભાવિત વિસ્તારમાં મતદાન સાંજે ચાર વાગ્યા સુધી જ થશે. બિહારમાં અંતિમ તબક્કાના મતદાન બાદ મતગણતરી ૧૦મી નવેમ્બરના રોજ યોજાશે.નીતિશ કુમારે રાજનીતિમાંથી સંન્યાસની કરી જાહેરાત બિહારના મુખ્યમંત્રી અને જેડીયૂના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિશ કુમારે ધમદાહામાં અંતિમ તબક્કાના ચૂંટણી પ્રચાર દરમિયાન એક રેલીમાં રાજનીતિમાંથી સંન્યાસની જાહેરાત કરી દીધી હતી.

### બદલાવના એંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાયું છે. એનડીએને ૧૧૦-૧૨૦ બેઠકો, મહાગઠબંધનઃ ૧૧૫-૧૨૫ બેઠકો, એલજેપીઃ ૩-૫, અન્યઃ ૧૦-૧૫ બેઠકો મળે તેવો અંદાજ મુકવામાં આવ્યો છે. આ વખતની ચૂંટણી સાથે લડનારા ભાજપ અને જેડીયુ ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં સામસામે હતા. જ્યારે જેડીયુ મહાગઠબંધનનો હિસ્સો હતું જેમાં લાલુ પ્રસાદ યાદવનો પક્ષ રાષ્ટ્રીય જનતા દળ પણ તેની સાથે હતો. જોકે, લાલુ અને નીતિશની ગઠબંધન સરકાર લાંબુ નહોતી ખેંચી શકી, અને નીતિશે ભાજપ સાથે ગઠબંધન કર્યું હતું. ૨૦૧૫માં એનડીએનો ભાગ રહેલી લોક જનશક્તિ પાર્ટીએ આ વખતે એકલા હાથે ચૂંટણી લડી છે. તેણે ભાજપ સામે તો કોઈ ઉમેદવાર નથી ઉતાર્યા, પરંતુ જે બેઠકો પર જેડીયુના ઉમેદવારો મેદાનમાં હતા ત્યાં તેણે પોતાના ઉમેદવારોને ઉભા રાખ્યા છે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં આરજેડીએ ૧૪૪ બેઠકો, કોંગ્રેસે ૭૦, જેડીયુએ ૧૧૫ અને ભાજપે ૧૧૦ બેઠકો પરથી પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. ૨૦૦૫થી બિહારના સીએમ રહેલા ૬૯ વર્ષીય નીતિશ કુમારની આ છેલ્લી વિધાનસભા ચૂંટણી છે. તાજેતરમાં જ તેમણે એક ચૂંટણી સભા સંબોધતા જણાવ્યું હતું કે આ તેમની અંતિમ ચૂંટણી સભા છે. જો નીતિશ કુમાર ૨૦૨૦માં ફરી સત્તા પર આવે તો તેમની આ લાગલગાટ ચોથી ટર્મ હશે. જોકે, રાજકીય પંડિતોનું માનીએ તો આ વખતે નીતિશ માટે ટર્મ પૂરી કરવી એટલી આસાન નહીં હોય.

### અદાણીને હવાલે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો આ માટે અમદાવાદ એરપોર્ટને શણગારવામાં આવ્યું છે. ડોમેસ્ટિક, ઈન્ટરનેશનલ અને કાર્ગો એરિયામાં પણ અદાણી ગ્રૂપના પોસ્ટર પણ લગાવવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, અમદાવાદ એરપોર્ટનો મેઇનટેન્શન અને કોમ્યુનિકેશનનો કોન્ટ્રાકટ અદાણી ગ્રુપ પાસે છે. એટીસી એટલે એર ટ્રાફિક કંટ્રોલ અમદાવાદ એરપોર્ટ ઓથોરીટી પાસે રહેશે. સૂત્રોનુ કહેવુ છે કે, અમદાવાદના એરપોર્ટ પર જેટલા પણ પ્રાઈવેટ કોન્ટ્રાકટ છે તે આપોઆપ અદાણી ગ્રુપ પાસે જતા રહેશે. આ કોન્ટ્રાક્ટ કેન્સલ કરવાની સત્તા અને નવો કોન્ટ્રાક્ટ આપવો કે નહિ તે અદાણી ગ્રુપના અધિકારીઓ નક્કી કરશે. એરપોર્ટનો કેટલોક બદલી પણ કરવામા આવી શકે છે. નોન પ્રાઈવેટ એરપોર્ટ પર એરપોર્ટના કર્મચારી કે અધિકારીઓની બદલી થઈ શકે છે. મોટી સંખ્યામાં અદાણી ગ્રુપનો સ્ટાફ એરપોર્ટ પર તા.૧૦ નવેમ્બરથી આવી જાય ત્યાર પછી કોઈ સમસ્યા નહિ તે માટે અત્યારથી આ વિષય પર ચર્ચાઓ ચાલી રહી છે. ઓથોરિટીએ ટ્વિટર પર ઓથોરિટી અને અદાણી ગ્રૂપના અધિકારીઓને દસ્તાવેજ હસ્તાક્ષર કરવાની તસવીરો પણ શેર કરવામાં આવી છે.